# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-08-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યાછો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## PREZ- ADDRESS INDEPENDENCE DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 78માં સ્વાતંત્ર્ય દિવસની પૂર્વ સંધ્યાએ આજે સાંજે 7 વાગે રાષ્ટ્રજોગ સંબોધન કરશે. જેનું સીધું જીવંત પ્રસારણ આકાશવાણીના તમામ કેન્દ્રો પર પ્રથમ હિન્દી અને ત્યારબાદ અંગ્રેજીમાં સાંભળી શકાશે. હિન્દી અને અંગ્રેજીમાં જીવંત પ્રસારણ બાદ પ્રાદેશિક ભાષાઓમાં પણ પ્રસારણ થશે.

આકાશવાણીના કેન્દ્રો પર પ્રાદેશિક ભાષામાં પ્રસારણ રાત્રે 9.30 વાગ્યે સાંભળી શકાશે.

રાષ્ટ્રપતિના રાષ્ટ્રજોગ સંબોધનના કારણે આકાશવાણી અમદાવાદ કેન્દ્ર પરથી પ્રસારિત થનાર પ્રાદેશિક સમાચારના સમયમાં ફેરફાર કરાયો છે. જે મુજબ આજે સાંજે પ્રાદેશિક સમાચાર 7 વાગીને 10 મિનિટના બદલે 6 વાગીને 45 મિનિટે પ્રસારિત થશે. તેવી જ રીતે આવતીકાલે સવારે પ્રાદેશિક સમાચાર 7 વાગીને 10 મિનિટના બદલે 6 વાગીને 45 મિનિટે પ્રસારિત થશે.

-------------------------------

## HARGHAR TIRNAGA YATRA - DISTRICT

રાજ્યમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી અંતર્ગત હર ઘર તિરંગા અભિયાન ચાલી રહ્યું છે. જેના ભાગરૂપે મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તિરંગા પદયાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં શિક્ષણ મંત્રી

ડૉ.કુબેર ડિંડોર ઉપસ્થિત રહ્યા હતા. આ તિરંગા પદયાત્રામાં વિવિધ મહાનુભાવો અને જિલ્લાવાસીઓ જોડાતા સમગ્ર વાતાવરણ દેશ ભક્તિમય બની ગયું હતું.

મહેસાણાના સતલાણસામાં પણ વિવિધ સ્થળોએ હર ઘર તિરંગા અભિયાનની ઉજવણી કરવામાં આવી હતી.

તો અરવલ્લીમાં યોજાયેલી તિરંગા યાત્રાને અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ભીખુસિંહ પરમારે પ્રસ્થાન કરાવ્યું હતું.

--------

## PSI LOK RAKSHAK DAL EXAM 2024

રાજ્યમાં પોલીસ સબ-ઇન્સ્પેક્ટર અને લોકરક્ષક દળની ભરતી માટે અરજી કરનારા ઉમેદવારો માટે આગામી 26 ઑગસ્ટે પૉર્ટલ ખૂલ્લું મુકાશે. ઉમેદવારો 9 સપ્ટેમ્બર સુધી અરજી કરી શકશે. પોલીસ ભરતી બૉર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષે સ્નાતક થયેલા ઉમેદવારો માટે પૉર્ટલ ફરી ખોલવામાં આવશે.

તેમણે કહ્યું કે, આ ભરતી માટેની શારીરિક પરીક્ષા ચોમાસા પછી લેવાશે. જ્યારે PSI અને લોકરક્ષક દળની ભરતીની લેખિત પરીક્ષા OMR પદ્ધતિથી જ યોજાશે. નવી CBRT પરીક્ષા પદ્ધતિનો ઉપયોગ આ ભરતીમાં કરવામાં નહીં આવે.

--------

# GANDHINAGAR LOK RAKSHAK GERRITI

રાજ્ય સરકારે વર્ષ 2021માં લેવાયેલી લોકરક્ષક દળની પરીક્ષામાં ગેરરીતિ આચરનારા 37 ઉમેદવારને ગેરલાયક ઠેરવ્યા છે. આ અંગે પોલીસ ભરતી બૉર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે જણાવ્યું, આ ઉમેદવારો હવે આગામી ત્રણ વર્ષ માટે કોઈ પણ ભરતી પરીક્ષા નહીં આપી શકે. શારીરિક કસોટીના પ્રવેશપત્રમાં ત્રણ ઉમેદવારે ચેડાં કર્યા હોવાનું પણ જણાયું હતું.

શ્રી પટેલે જણાવ્યું, રાજકોટ શહેરના નવ ઉમેદવારે લાલચ આપી ભરતી થવાનો પ્રયાસ કર્યો હતો. અમદાવાદના 18 ઉમેદવારે ભરતી કરાવવાની લાલચ આપી અન્ય લોકો પાસેથી રૂપિયા પણ લીધા હતા. જ્યારે આવી લાલચમાં આવનારા ઉમેદવારો સામે પણ પહેલી વાર પગલાં લેવાશે.

--------

# ST SPECIAL BUSES

તહેવારોને પગલે મુસાફરોના ધસારાને જોતા એસટી નિગમે 6500 વધારાની બસો મૂકવાની જાહેરાત કરી છે. નિગમ દ્વારા 17 ઑગસ્ટથી 20 ઓગસ્ટ સુધી રક્ષાબંધનના તહેવાર દરમિયાન 6,500 જેટલી વધારાની ટ્રીપનું સંચાલન કરાશે. જે મુખ્યત્વે અમદાવાદ, વડોદરા, સુરત, મહેસાણા, જામનગર સહિતના ડિવિઝનમાં મુસાફરોની વધતી સંખ્યાને જોતા અમલી બનાવાશે.

(બાઇટ -  આર. ડી. ગલચર, Cso & Clo ઇન્ચાર્જ, એસટી નિગમ)

-------------------------

## SURAT AFGHANI CHARAS

સુરતના હજીરા નજીક દરિયા કિનારેથી એક કરોડથી વધુનું અફઘાની ચરસ પકડાયું છે. શહેરની વિશેષ તપાસ ટુકડી દ્વારા કરાયેલી તપાસ દરમિયાન દરિયાઈ માર્ગે નશીલા પદાર્થોની હેરફેરનું રેકટ સામે આવ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર 1.754 કિલોના આ ડ્રગ્સની કિંમત 1.87 કરોડ રૂપિયા છે. પોલીસ આ મામલે આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયાઓની સંડોવણી હોવાની આશંકા સાથે તપાસ હાથ ધરી રહી છે.

(બાઇટ  - રાજદીપસિંહ નિકુમ, ડીસીપી, સુરત પોલીસ)

સ્વાતંત્ર્ય પર્વ પૂર્વે સુરત પોલીસે કાંઠા વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી છે. આ પૂર્વે પણ સુરતના દરિયાઈ માર્ગે મોટા પ્રમાણમાં નશીલા પદાર્થોનો જથ્થો પકડાયો હોવાની ઘટના સામે આવી છે.

..........................................

# GUJARAT RAIN

રાજ્યના હવામાન વિભાગે આજે બનાસકાંઠા, સાબરકાંઠા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગર હવેલીના છૂટાછવાયા સ્થળમાં ભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 27 જિલ્લાના 92 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ 72 ટકા વરસાદ થયો હોવાના અહેવાલ છે. સૌથી વધારે 88 ટકા વરસાદ કચ્છમાં વરસ્યો છે.

-----------------------------